ફોજદારી ઈન્ક.નંબર ૪૯૫/૨૦૨૨

# આંક:-૧ નીચે હુકમ

---

**(૧)** સદર ફરીયાદ આ કોર્ટ સમક્ષ રજુ થતા, જે વ્યકિત વિરૂધ્ધ હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલી છે તે આરોપી આ કોર્ટની સ્થાનીક હકુમતની બહાર રહેતા હોય તથા ફરીયાદમાં દર્શાવેલા બે આરોપીઓ પૈકી માત્ર એક આરોપીની સહી વાળો ચેક હોય સદર કેસ નામદાર સર્વોચ્ચ અદાલતની ફુલ બેંચ દ્વારા **Writ Petition (Criminal) No.2 of 2020** ના કામે પારા-૨૪ (૨) માં આપવામાં આવેલ ડાયરેકશ મુજબ આરોપી વિરૂધ્ધ પ્રોસેસ ઈસ્યુ કરતા પુર્વ સી.આર.પી.સી કલમ-૨૦૨ અંતર્ગત કોર્ટ ઈન્કવાયરીમાં રાખવામાં આવેલ હતો.

**(૨)** જે ઈન્કવાયરીના કામે ફરીયાદીએ કોર્ટ સમક્ષ હાજર રહી, આંક-૬ થી રજુ જુબાની તથા આંક-૫ થી રજુ દસ્તાવેજી પુરાવાઓ પર આધાર રાખી ઈન્કવાયરીના કામે પોતાનો પુરાવો બંધ કરેલ છે.

**(૩)** જે બાદ ફરીયાદીની ફરીયાદ, વેરીફીકેશનનું સોગંનામું, આંક-૬ થી રજુ સોગંદપરની જુબાનીનું સોગંદનામું તથા રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતા આ કામના આરોપી નં.૧ પક્ષ દ્વારા ફરીયાદીની તરફેણમાં આપવામાં આવેલ ફરીયાદ વાળા ચેક, ચેક પર દર્શાવેલી તારીખથી કાયદા દ્વારા નિયત સમય મર્યાદામાં કલીયરીંગ માટે બેંકમાં રજુ થયેલ હોવાનું જણાય છે, તેમજ તે ચેક આ કામે રજુ ચેક રીર્ટન મેમોમાં દર્શાવેલા કારણથી વગર ચુકવણીએ પરત થયેલ હોવાનું જણાઈ આવે છે. તેમજ ત્યાર બાદ ફરીયાદી દ્વારા કાયદા દ્વારા નિયત કરવામાં આવેલી સમય મર્યાદામાં સ્ટેચ્યુટરી નોટીસ પાઠવીને આરોપીએ આપેલ ચેક મુજબની રકમની માંગણી કરેલ હોવાનું જણાઈ આવે છે. તેમજ, તેમ છતા આરોપી પક્ષ દ્વારા નિયત સમયમાં ચેક મુજબની રકમ ચુકવણી નહી કરવામાં આવતા ફરીયાદીએ હાલની ફરીયાદ કાયદા દ્વારા નિયત કરવામાં આવેલ સમયગાળામાં કરેલ હોવાનું જણાઈ આવે છે.

**(૪)** જે તમામ ધ્યાને લેતા **આરોપી નં.૧** દ્વારા વટાવખત અધિનીયમની કલમ-૧૩૮ અંતર્ગત શિક્ષાને પાત્ર કુત્ય કરેલ હોવાનું પ્રર્થમદર્શનીય જણાઈ આવે છે. જેથી સદર ઈન્કવાયરી ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૦૪ અંતર્ગત મંજુર કરવામાં આવે છે અને સદર કેસ **ફોજદારી કેસ રજીસ્ટરે નોધી** આરોપી **નંબર ૧** વિરૂધ્ધ **વટાવખત અધિનીયમની કલમ-૧૩૮** અંતર્ગતના ગુનાનો જવાબ આપવા માટે કોર્ટ સમક્ષ તા.૩૦/૧૨/૨૦૨૨ ના રોજ હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવાનો આદેશ કરવામાં આવે છે. પરંતુ આરોપી નં.૨ ની સહી વાળો ચેક ન હોય તેઓ વિરૂધ્ધ વટાવખત અધિનીયમની કલમ-૧૩૮ અંતર્ગતના ગુના બદલ કાર્યવાહી થઈ શકતી ન હોય તેઓ સામે પ્રોસેસનો હુકમ કરવામાં આવતો નથી.

તા.૧૯/૧૧/૨૨
સ્થળ:- જુનાગઢ

**મિહિરદેવસિંહ જે. ઝાલા**
ચીફ જયુ.મેજીસ્ટ્રેટ
જુનાગઢ

**M.J.Zala**
C.J.M, Junagadh